ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૭ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૮ ટકા

ગાંધીનગર તાપમાન

પાટનગર દેશભક્તિના રંગે રંગાયું....

શેઠ સી.એમ.શાળા, સેક્ટર- ૨૩, ગાંધીનગર ખાતે વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ મિત્રો તિરંગા સાથે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી અને સ્વાતંત્ર દિનની પૂર્વ દિવસે વિશેષ ઉજવણી કરી હતી. આ સાથે જ વિદ્યાર્થીઓમાં દેશભક્તિ ની લહેર દોડી જાય તે માટે સૂત્રોચ્ચાર કર્યા હતા અને દેશના વિકાસ માટે શપથ લીધા હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય ડો. શ્રી ચેતના અરુણ બુચ, સુપરવાઇઝર શ્રી મુકેશ પટેલ, લાભુભાઈ દેસાઈ, મહેશભાઈ વડાલીયા સુનિલભાઈ દવે જીજ્ઞાબેન મોદી રીકેશભાઈ ત્રિવેદી વિવેકભાઈ પઢિયાર, વગેરે શિક્ષક મિત્રોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.



હર ઘર તિરંગા શાલીન -૨ સોસાયટી વાવોલમાં દરેક ઘરે રાષ્ટ્રધ્વજ પહોંચાડવાનું કામ સોસાયટીના હોદ્દેદારો તેમજ વડીલોએ શોભનીય રાષ્ટ્રીય કામગીરી દ્વારા લોક સંપર્ક પૂર્ણ કર્યો

સ્વાતંત્ર્ય દિન, ૨૦૨૩ ની પૂર્વ સંધ્યાએ ગાંધીનગર શહેરી વિસ્તારની સરકારી પ્રાથમિક શાળા, બોરીજના નાના ભૂલકાઓ દ્વારા રાષ્ટ્ર ધ્વજ-તિરંગામાં રંગપૂરણી કરીને રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં રાષ્ટ્રધ્વજ બનાવવાની પ્રવૃત્તિ

ગાંધીનગર, તા. ૧૪

શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં તા. ૧૩-૮-૨૦૨૩ને સોમવારના દિવસે રાષ્ટ્રધ્વજ બનાવવાની પ્રવૃત્તિ કરવામાં આવી. રાષ્ટ્રધ્વજ બનાવવા માટે બાળકોએ કલર, પેન્સિલ, રબર, ફેવિકોલ, ચણાની દાળ, ચોખા, મગ અને કાગળનો ઉપયોગ કર્યો હતો. આ પ્રવૃત્તિમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં બાળકો પોતાની આવડતનો પણ ઉપયોગ કરતા હતા. બાળકોને રાષ્ટ્રધ્વજ વિશેની માહિતી પણ આપવામાં આવી હતી. આ પ્રવૃત્તિનું સમગ્ર આયોજન શાળાના શિક્ષક સાહિલભાઈ અને કિરણબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

એસ.વી. શાળામાં 'મેરી મિટ્ટી મેરા દેશ' અંતર્ગત સ્વાતંત્રદિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૪

શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી.સ્કૂલમાં સ્વાતંત્રદિનની ધમાકેદાર ઉજવણી કરવામાં આવી હતી. નર્સરી, જૂનિયર કે.જી. અને સીનિયર કે.જી.ના બાળકોએ આપણાં દેશના આઝાદીના લડવૈયાઓના વસ્ત્રો પરિધાન કરી, પોતાના પાત્રને અનુરૂપ સ્પીચ આપી, પોતાની દેશભક્તિની ઝાંખી કરાવી હતી. સૌએ 'મેરી મિટ્ટી મેરા દેશ' અંતર્ગત ભારત દેશ અને તિરંગાની રક્ષા કરવાના અને તેમનું સન્માન કરવાના શપથ લીધા હતા તથા વીર શહીદોને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.

પાટનગર દેશભક્તિના રંગે રંગાયુ હતું. ગાંધીનગરના કુડાસણમાં વિશાળ તિરંગા યાત્રા કાઢવામાં આવી, ૧૦ હજાર નાગરિકો હાથમાં તિરંગો લઈ ઉત્સાહભેર જોડાયા

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ શાળામાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ.વી. પટેલ કન્યા બાલ મંદિરના સંયુક્ત ઉપક્રમે બાળકોમાં દેશભક્તિની ભાવના ઉજાગર થાય અને તે હેતુથી સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં નાના બાળકો અને શિક્ષકમિત્રો સાથે 'ઝંડા ઉંચા રહે હમારા', 'વંદે માતરમ્'ના નારા સાથે શાળા કેમ્પસમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું. નાના બાળકો ગાંધીજી, જવાહરલાલ નહેરુ, ઈન્દિરા ગાંધી, મધર ટેરેસા, રાણી લક્ષ્મીબાઈ, છત્રપતિ શિવાજી, ભગતસિંહ, સુભાષચંદ્ર બોઝ વગેરેની વેશભૂષામાં સજ્જ થઈને આવેલા બાળકોમાં ખુબજ ઉત્સાહ જોવા મળ્યો. તમામ શિક્ષકમિત્રોએ સ્વાતંત્ર્યની સમજ આપી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં પ્રિન્સિપાલ મીનાક્ષીબેન રામી અને તમામ સ્ટાફમિત્રોના સંપૂર્ણ સહયોગથી સુંદર રીતે સંપન્ન થયો હતો.

શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં 'હર ઘર તિરંગા' અંતર્ગત સ્પર્ધાઓ

ગાંધીનગર, તા. ૧૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં ૧૫મી ઓગષ્ટ અંતર્ગત 'હર ઘર તિરંગા'ના વિષય પર ઘણી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં ધોરણ-૩ના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રધ્વજ દોરી રંગ પુરવા, ધોરણ-૪ અને ૫ ના વિદ્યાર્થીઓએ અનાજ અને કઠોળ રાષ્ટ્રધ્વજમાં ચોંટાડવા, ધોરણ-૬ના વિદ્યાર્થીઓએ કાગળમાંથી રાષ્ટ્રધ્વજ બનાવી તેમજ ધોરણ-૭ અને ૮ ના વિદ્યાર્થીઓએ રંગોળીના કલરથી સુંદર કલાકૃતિનું સર્જન કર્યું હતું.

સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલ સે. ૨૪ ખાતે 'મેરી માટી મેરા દેશ' અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૪

આજરોજ સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલ, સેક્ટર-૨૪ ખાતે 'આઝાદી કા અમૃત મહોત્સવ'નાં ઉજવણીના ભાગરૂપે 'મેરી માટી મેરા દેશ'નાં અભિયાન હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને દરેક વિદ્યાર્થીઓએ વિવિધ વૃક્ષો વાવી વૃક્ષોનું મહત્વ સમજ્યું હતું તથા વૃક્ષોની માવજત કરવાની શપથ લીધી હતી.

જન્મદિને વધામણી



હરિન ભટ્ટ
સ્કલ્પચર આર્ટીસ્ટ/કાર્ટુનિસ્ટ
મો : ૯૩૭૬૧ ૬૨૫૧૫

યોગેશ બી નાયી
પૂર્વ સરપંચ કોબા
મો. ૯૪૨૬૦ ૬૩૪૭૧

કિન્નર ઝવેરી
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૪૦ ૨૧૧૩૫

વિભૂતિબા છત્રસિંહ ચૌહાણ

તેજેન્દ્રકુમાર પટેલ
મો. ૯૯૦૪૧ ૫૮૭૬૨

સુરેશકુમાર રત્નોત્તર
ગાયક, મો. ૯૪૨૮૧ ૧૧૨૯૩

કિશા યોગેશભાઈ રાઠોડ
મો. ૯૭૨૭૬ ૫૬૫૩૫



મિહીર સુખદેવભાઈ દવે
મો. ૮૭૩૪૯ ૫૭૬૭૮

મનિષાબેન પટેલ

કૃષ્ણા જયેશ ટાંક

પ્રાચી શૈલેષભાઈ ચૌહાણ
મો. ૭૩૮૩૭ ૨૪૪૯૪

પંકજ વી ત્રિવેદી
મો. ૯૦૯૯૯ ૧૬૨૨૭



કુંજ ત્રિવેદી

હિરલ હાર્દિક જોષી
મો. ૮૩૩૩૮ ૨૬૭૧૦

નાડીયા કરન પ્રવિણભાઈ

જયંતકુમાર બાબુલાલ રાવલ
મો. ૯૪૨૬૩ ૦૨૮૯૩૯

પ્રેરક આર.જોષી

સુશીલા હેમચંદ્ર થોરાત
મો. ૯૪૨૭૦ ૫૪૧૧૩

રાઠોડ ભરતસિંહ છત્રસિંહ
મો. ૯૪૨૮૪ ૧૫૪૦૭

વીર ગજ્જર
મો. ૯૭૧૨૫ ૬૩૦૧૦

રાણા મહાવીરસિંહ સંદીપસિંહ

બંસરી શુક્લ

કરશનભાઈ ધનજીભાઈ પરમાર
મો. ૮૧૪૧૨ ૩૩૦૬૧

મધુબેન કે પરમાર
મો. ૮૧૪૧૨ ૩૩૦૬૧

દિશા સોલંકી
મો.૯૯૨૪૧ ૦૬૧૭૭

અડાલજ બ્રહ્મસમાજ દ્વારા બ્રહ્મચોર્યાશીનુ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભૂદેવોએ સાથે પંગતમાં બેસી બ્રહ્મભોજ લીધો હતો. અડાલજ, ખોરજ, અંબાપુર, પોર ઝુંડાલ ના વસાહતી ભૂદેવો તેમજ તેમજ બ્રહ્મ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા તથા કારોબારી સભ્યો દ્વારા ખાસ હાજરી આપી હતી.